RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 96 * Date: 25.01.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મહારાષ્ટ્રમાં સેનાનાં હથિયાર બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ, ૮નાં મોત






મહારાષ્ટ્રના ભંડારામાં સેનાનાં હથિયાર બનાવતી ફેક્ટરીમાં શુક્રવારે સવારે વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં ૮ લોકોના મોત થઈ ગયા છે. ૭ ગંભીર રીતે ઘાયલ છે. વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. વિસ્ફોટનો અવાજ ૫ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. આકાશમાં ઊડતો ધુમાડો પણ ઘણા કિલોમીટર દૂરથી દેખાતો હતો.ભંડારાના કલેક્ટર સંજય કોલ્ટેએ જણાવ્યું હતું કે વિસ્ફોટ સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ થયો હતો. બ્લાસ્ટને કારણે છત તૂટી પડી છે, જેને ત્ઝમ્ની મદદથી હટાવાઇ રહી છે. રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. સમાચાર એજન્સી પીટીઆઈએ જણાવ્યું કે ૧૩-૧૪ લોકોને રેસ્કયૂ કરવામાં આવ્યા છે.સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, વિસ્ફોટ જવાહર નગર વિસ્તારમાં આવેલી ફેક્ટરીના ્(લોંગ ટર્મ પ્લાનિંગ) વિભાગમાં થયો હતો. વિસ્ફોટ સમયે સેક્શનમાં ૧૪ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે અકસ્માતમાં ૧૩-૧૪ લોકો છત નીચે ફસાયા હોવાની માહિતી છે.જવાહર નગર સ્થિત ઓર્ડનન્સ ફેક્ટરીના ઈદ્વઈ બ્રાન્ચ વિભાગમાં આ વિસ્ફોટ થયો હતો. ઈદ્વઠ અહીં બનાવવામાં આવે છે. તેમાં જ વિસ્ફોટ થયો હતો. મૃત્યુઆંક વધવાની આશંકા છે. જે ઈમારતમાં વિસ્ફોટ થયો હતો તે સંપૂર્ણપણે નાશ પામી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ આ દુર્ઘટનાને મોદી સરકારની નિષ્ફળતા ગણાવી છે.અહીં ટેસ્ટિંગ ફેસિલિટીઝ અને અત્યાધુનિક લેબોરેટરી પણ ભંડારાની આ ફેક્ટરીમાં સેના માટે અનેક પ્રકારની આવશ્યક ચીજવસ્તુઓ બનાવવામાં આવે છે. જેમાં એસિડથી લઇને અનેક પ્રકારના વિસ્ફોટકોનો સમાવેશ થાય છે. અહીં ટેસ્ટિંગ ફેસિલિટીઝ અને અત્યાધુનિક લેબોરેટરી પણ છે.નાનાં હથિયારોમાં વપરાતો વિસ્ફોટક સ્પેરિકલ પાઉડર પણ અહીં બનાવવામાં આવે છે. આ પાઉડરનો ઉપયોગ સૌપ્રથમ બીજા વિશ્વયુદ્ધમાં થયો હતો. તે ૧૯૬૦થી નાગરિકોને આપવાનું શરૂ થયું હતું.સંરક્ષણ મંત્રીએ કહ્યું- રાહત પ્રયાસો ચાલુ આ ઘટના અંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું- મહારાષ્ટ્રના ભંડારામાં ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટ વિશે જાણીને ખૂબ દુઃખ થયું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. હું ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. ઘટનાસ્થળે બચાવ ટીમો તહેનાત છે.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા "મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૪" યોજાવા જઈ રહ્યો છે તે અંતર્ગત આજરોજ અમદાવાદ સાયન્સ સિટી ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા "મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૪" યોજાવા જઈ રહ્યો છે તે અંતર્ગત આજરોજ અમદાવાદ સાયન્સ સિટી ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના મુખ્ય કન્વીનરશ્રી ડૉ.યજ્ઞેશભાઈ દવે તેમજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના અધ્યક્ષશ્રી ભરતભાઈ રાવલે પત્રકાર પરિષદને સંબોધી હતી.

શ્રી ભરતભાઇ રાવલે સંબોધન કરતાં જણાવ્યુ કે, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાની સ્થાપના ૧૯૮૭માં થઈ અને ઓલ ઈન્ડિયા લેવલે રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૧૭ માં કરવામાં આવ્યું. શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાના સંલગ્ન અનેક સંસ્થાઓ જિલ્લા/ તાલુકા કક્ષાએ તેમજ વિવિધ જ્ઞાતિ મંડળના ગોળ દ્વારા અગાઉ સમૂહલગ્ન અને સમૂહ યજ્ઞોપવિત જેવા કાર્યક્રમોનું આયોજન થતું હતું અને સમાજના દરેક લોકોને તેનો લાભ મળતો હતો. પરંતુ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષાનું ઓલ ઈન્ડિયા લેવલે જયારે રજીસ્ટ્રેશન થયું ત્યારબાદ ટિમ દ્વારા એ વખતના મુખ્ય સંગઠક કમલેશભાઈ તેમજ સાથી કાર્યકર્તાઓ દ્વારા સમાજના ઉત્થાન માટે એક નવો મોડ આપવાનું કામ કર્યું હતું તે આજે પણ અવિસ્મરણીય છે. તમામ ઉધ્યોગકારો અને વ્યવસાયિકોને સમાજના માધ્યમથી કઈક લાભ મળે અને સમાજના વિકાસની સાથે સાથે રાષ્ટ્રનો વિકાસ અને સમાજના ઉત્થાન સાથે રાષ્ટ્રનું ઉત્થાન થાય તેવા અભિગમ સાથે સમાજના સેવાકીય કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા.

શ્રી રાવલે વધુમાં જણાવ્યુ કે, સૌ પ્રથમ ૨૦૧૮માં મહાત્મા મંદિર ખાતે પ્રથમ બિઝનેસ સમિટ યોજાયો. ૨૦૨૧માં બીજી બિઝનેસ સમિટ અડાલજ ત્રિમંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં ખૂબ મોટી સંખ્યામાં ઉધ્યોગકારો અને વ્યવસાયિકો અને સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમની ગુજરાત સરકારે પણ નોધ લીધી હતી. કોરોના કાળની અંદર બિઝનેસ સમિટનું આયોજન કરવું શક્ય નહોતું માટે બ્રહ્મસમાજ દ્વારા ઝોન પ્રમાણે આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું જે પૈકી ઉત્તર ઝોનમાં મહેસાણા ખાતે, મધ્ય ઝોનમાં ગોધરા ખાતે તેમજ દક્ષિણ ઝોનમાં સુરત ખાતે બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં ૩ બિઝનેસ સમિટ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા યોજાયા છે અને આ સમિટ દ્વારા ૧૦ હજારથી વધારે બ્રાહ્મણ યુવક/ યુવતીઓ જે રોજગાર વંચિત હતા તેમને રોજગાર પ્રાપ્ત થયો છે જેની નોંધ ગુજરાત સરકાર દ્વારા પણ લેવાઈ છે. ત્યારબાદ આગામી તા.૧૫,૧૬,૧૭ માર્ચ ૨૦૨૫ ના રોજ ૪થી બિઝનેસ સમિટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે સાયન્સસિટી ખાતે યોજાશે.

શ્રી યજ્ઞેશ દવેએ પ્રેસ મીડિયાને સંબોધન કરતાં જણાવ્યુ કે, ૪થી બિઝનેસ સમિટ અમદાવાદનાં સાયન્સસિટી ખાતે સાયન્સસિટી વિજ્ઞાનભવનના વિશાળ ડોમની અંદર આગામી ૧૫,૧૬,૧૭ માર્ચ ૨૦૨૫ ના રોજ યોજાવા જઈ રહી છે. જેમાં, ૩૦૦ જેટલા બ્રાહ્મણ ઉધ્યોગકારોના સ્ટોલ હશે. બ્રહ્મસમાજ હંમેશના માટે મદદરૂપ રહ્યો છે અને સમાજ દ્વારા સમાજના જ વ્યક્તિઓને મદદરૂપ થઈ શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. 'સ્વ' નો નહીં પરંતુ 'સૌ' નો વિચાર કરે એ જ બ્રાહ્મણ. આ વિચારના આધારે બ્રહ્મસમાજ સૌને મદદરૂપ થયો છે પરંતુ સમાજના પોતાના લોકો જયારે વેપાર, ઉધ્યોગ અને ધંધામાં હોય ત્યારે તેમને મદદરૂપ થવાનું કાર્ય સમાજના સફળ ઉધ્યોગપતિઓ દ્વારા કરવામાં આવે તે હેતુસર અગાઉની ૩ બિઝનેસ સમિટ સફળ રહી અને આ ચોથી બિઝનેસ સમિટનું આયોજન પણ સમાજના ટ્રસ્ટીઓ તેમજ સમાજની ટિમ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સમિટમાં તમામ જીલ્લાના સમાજના જ્ઞાતિ મંડળો અને સંસ્થાઓ પણ જોડાશે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની બિન અનામત વર્ગ માટેની યોજનાઓ જન જન સુધી પહોંચે અને તેનો લાભ મળે તેના માટે પણ ખાસ સેમિનાર કરવામાં આવશે. જે લોકો રોજગારી માટે સ્ટાર્ટઅપ કરી રહ્યા છે તેવા લોકોને સમાજના સફળ ઉધ્યોગપતિઓ દ્વારા કઈ રીતે મદદરૂપ થઈ શકાય તેમના ધંધા રોજગારમાં કઈ રીતે મદદરૂપ થઈ શકાય સાથે સાથે તેમના સફળતાના રહસ્યો અને એક બિઝનેસમેન કઈ રીતે સફળ થઈ શકે તેના પણ સેમિનાર કરવામાં આવશે.

રોજગાર મેળાની માહિતી આપતા શ્રી દવે એ વધુમાં જણાવ્યુ કે, આ મેળામાં ૩૦૦ જેટલા ઉધ્યોગકારોના પોતાના સ્ટોલ હશે સાથે સાથે બ્રાહ્મણ સિવાયના ઉધ્યોગકારોને પણ સ્થાન આપવામાં આવશે જેનો ઉદ્દેશ્ય બ્રહ્મસમાજના યુવાનોને રોજગારી આપવાનો હશે. આ સમિટમાં રોજગારી માટે માત્ર બ્રાહ્મણ યુવક અને યુવતીઓ ભાગ લઈ શકશે કારણ કે, આ બિઝનેસ સમિટનો ઉદ્દેશ્ય સમાજના યુવાનોને નોકરી અને રોજગાર મળી શકે તે માટેનો છે. જે પ્રમાણે અગાઉની ૩ બિઝનેસ સમિટનું ઉદ્ઘાટન સંતશ્રીઓ અને મહંતશ્રીઓ દ્વારા થયું હતું તે જ પ્રમાણે આ સમિટમાં પણ ગુજરાતના બ્રહ્મ સંતો અને મહંતશ્રીઓ દ્વારા કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને પણ આમંત્રણ આપવામાં આવશે. અગાઉની બિઝનેસ સમિટમાં તમામ સાશકપક્ષના નેતાગણ અને વિરોધપક્ષના નેતાગણ સૌને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેઓ હાજર પણ રહ્યા હતા. આ સમિટમાં પણ તમામ પક્ષના નેતાગણને આમંત્રિત કરવામાં આવશે અને સરકારી અધિકારીશ્રીઓને સન્માનીત પણ કરવામાં આવશે. જે પણ સમાજના લોકોએ દેશ વિદેશમાં બ્રહ્મસમાજનું નામ રોશન કર્યું છે તેવા લોકોનું પણ સન્માન કરવામાં આવશે. બ્રાહ્મણોને એકબીજા સાથે જોડવાની પહેલ બ્રહ્મસમાજ દ્વારા ૨૦૧૮માં શરૂ થઈ અને અત્યારે ૪ થી સમિટ દ્વારા આ પહેલને આગળ ધપાવવાનું કાર્ય સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સમાજના વધુમાં વધુ લોકો આ સમિટનો લાભ લે તેવો આગ્રહ બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવ્યો હતો. આ સમિટમાં મુલાકાતીઓ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવશે. બ્રાહ્મણ ઉધ્યોગકારોના સ્ટોલ પણ નોમિનલ કિંમતે આપવામાં આવશે. ⅋ર⅋ અને ⅋રઝ મિટિંગ પણ બ્રહ્મસમાજના ઉધ્યોગકારોની કરવામાં આવશે જેમાં પણ સમાજ મદદરૂપ થશે.

શ્રી દવેએ વધુમાં જણાવ્યુ કે, જયારે કોઈ સમાજ દ્વારા આયોજન કરવામાં આવતું હોય ત્યારે એ સમાજના યુવકો અને યુવતીઓને અનુલક્ષીને તેમજ સમાજના છેવાડાના લોકો છે જેમની પાસે રોજગારી નથી અથવા જે રોજગારી કરી રહ્યા છે તેનાથી તેમના પરિવારનું ભરણપોષણ નથી કરી શકતા તેવા બ્રાહ્મણોને મદદરૂપ થવા માટે આ આયોજન કરવામાં આવેલ છે. આ સમાજનું આયોજન માત્ર સમાજના

આભાર - નિહારીકા રવિયા લોકો માટે છે. બ્રહ્મસમાજ દ્વારા ભૂતકાળમાં આર્થિક અને શૈક્ષણિક બોર્ડની માંગણી કરવામાં આવી હતી તેને અનુલક્ષીને તે તમામ માંગણીઓને પૂર્ણ કરી અને સરકારે બિનઅનામત નિગમની રચના કરી. જે માંગણી હતી કે સમાજના વિધ્યાર્થીઓને શિષ્યવૃતિ મળે, વિદેશ અભ્યાસ માટે લોન મળે તેમજ રોજગારી માટે ઓછા વ્યાજ દરે લોન મળે તે માટેની વ્યવસ્થા પણ આયોગ થકી સરકાર દ્વારા કરવામાં આવી છે. ભગવાન પરશુરામજીની વિશ્વની સૌથી મોટી ૧૦૧ ફૂટની મુર્તિનું અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે નિર્માણ કરવામાં આવશે અને તે એક વર્ષના ટૂંક સમયમાં પૂર્ણ પણ કરવામાં આવશે.આ પ્રેસ કોન્ફરન્સમાં મહામંત્રીશ્રીઓ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી, શ્રી ગીરીશભાઈ ત્રિવેદી, મુખ્યસંગઠક શ્રી અતુલભાઈ દીક્ષિત, પ્રવકતાશ્રી દિનેશભાઈ રાવલ, યુવા વિભાગ કન્વીનરશ્રી પાર્થ રાવલ, યુવા વિભાગ પ્રભારી શ્રી ભરતભાઈ વ્યાસ, લીગલ વિભાગ કન્વીનરશ્રી આશિષભાઈ મહેતા, આઈટી વિભાગ કન્વીનરશ્રી અતુલભાઈ જોશી, શ્રી મુકેશભાઈ રાવલ, શ્રી પરીનભાઈ વ્યાસ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



**અત્યાર સુધીમાં ૩ બિઝનેસ સમિટ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા યોજાયા છે અને આ સમિટ દ્વારા ૧૦ હજારથી વધારે બ્રાહ્મણ યુવક/યુવતીઓ જે રોજગાર વંચિત હતા તેમને રોજગાર પ્રાપ્ત થયો છેઃ- શ્રી ભરતભાઇ રાવલ**

---

**'સ્વ' નો નહીં પરંતુ 'સૌ' નો વિચાર કરે એ જ બ્રાહ્મણઃ- શ્રી ડો.યજ્ઞેશ દવે**

---

**આ સમિટમાં તમામ જીલ્લાના બ્રહ્મ સમાજના જ્ઞાતિ મંડળો અને સંસ્થાઓ પણ જોડાશેઃ- શ્રી ડો.યજ્ઞેશ દવે**

---

**બ્રાહ્મણોને એકબીજા સાથે જોડવાની પહેલ બ્રહ્મસમાજ દ્વારા ૨૦૧૮માં શરૂ થઈ અને અત્યારે ૪ થી સમિટ દ્વારા આ પહેલને આગળ ધપાવવાનું કાર્ય સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું છેઃ- શ્રી ડો.યજ્ઞેશ દવે**

---

**ભગવાન પરશુરામજીની વિશ્વની સૌથી મોટી ૧૦૧ ફૂટની મુર્તિનું અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે નિર્માણ કરવામાં આવશે અને તે એક વર્ષના ટૂંક સમયમાં પૂર્ણ પણ કરવામાં આવશેઃ- શ્રી ડો.યજ્ઞેશ દવે**

---

## તંત્રી લેખ....

# સ્માર્ટફોનની નિકાસમાં રેકોર્ડ વધારો, ડીઝલ ઈંધણને પાછળ છોડવાની તૈયારી

દેશમાંથી સ્માર્ટફોનની નિકાસ સતત વધી રહી છે. ૐજી કોડ આધારિત શ્રેણીઓમાં દેશમાંથી નિકાસ કરવામાં આવતા ઉત્પાદનોની દ્રષ્ટિએ સ્માર્ટફોન બીજા સ્થાને પહોંચી ગયા છે. જો તેની નિકાસની ગતિ આ રીતે ચાલુ રહેશે તો તે ડીઝલ ઈંધણની નિકાસને પાછળ છોડીને ટોચનું સ્થાન મેળવી શકે છે. ૐજી કોડ્સ અથવા હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ કોડ્સ આંતરરાષ્ટ્રીય વેપાર માટે ઉત્પાદનોને વર્ગીકૃત કરવાની ઉ્રની પ્રમાણભૂત સિસ્ટમ છે.વાણિજ્ય મંત્રાલયના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં એપ્રિલથી નવેમ્બર દરમિયાન ૧૩.૧ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી, જે ૐજી કેટેગરીમાં ભારતમાંથી બીજા નંબરની સૌથી વધુ નિકાસ કરવામાં આવતી પ્રોડક્ટ બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૮ મહિનામાં, અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૪૬ ટકા વધુ સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી.નાણાકીય વર્ષ ૨૦૨૪માં એપ્રિલથી નવેમ્બર દરમિયાન દેશમાંથી નિકાસના સંદર્ભમાં સ્માર્ટફોન ચોથા સ્થાને હતો, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫માં સમાન સમયગાળા દરમિયાન તે બીજા સ્થાને પહોંચી ગયો છે.છેલ્લા ઘણા વર્ષોથી દેશમાંથી નિકાસના સંદર્ભમાં વાહન ડીઝલ ઈંધણ ટોચ પર રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ના એપ્રિલ-નવેમ્બર દરમિયાન ડીઝલ ઈંધણ અને સ્માર્ટફોનની નિકાસ વચ્ચે ૧૦ બિલિયન ડોલરનું અંતર હતું, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫ ના એપ્રિલ-નવેમ્બરમાં આ તફાવત ઘટીને ૪૦૦ મિલિયન ડોલર થઈ ગયો છે.નાણાકીય વર્ષ ૨૦૨૮-૧૯માં માત્ર ૧.૬ બિલિયન ડોલર મૂલ્યના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. પરંતુ બે વર્ષ પછી, સરકારે પીએલઆઈ સ્કીમની જાહેરાત કરી અને નાણાકીય વર્ષ ૨૦૨૦માં આ યોજનાની શરૂઆતમાં, સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં ૧૪મા ક્રમે હતા અને તે સમયે કુલ ૨.૯ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી.

# ૫૨ અબજના સટ્ટાકૌભાંડનો આરોપી દુબઈ જશે:કોર્ટે ભરત ચૌધરીને ૧૫ દિવસ માટે પાસપોર્ટ આપ્યો, ૨ લાખની ડિપોઝિટ અને ૫૦ હજારના જામીન મંજૂર



પાટણની સેશન્સ કોર્ટે ૫૨ અબજથી વધુના સટ્ટા કૌભાંડના આરોપી અને દુબઈ કનેક્શન ધરાવતા ભરત મુમજીભાઈ ચૌધરીને ૧૫ દિવસ માટે દુબઈ જવાની મંજૂરી આપી છે. જજ પ્રશાંત એચ. શેઠે આરોપીને રૂ. ૨ લાખની રોકડ ડિપોઝિટ અને રૂ. ૫૦ હજારના સદ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા સાથે પાસપોર્ટ પરત કરવાનો આદેશ કર્યો છે.ભુજ કચ્છ બોર્ડર રેન્જ સાઈબર ક્રાઈમ પોલીસે ૨૭ જુલાઈ ૨૦૨૪ના રોજ પાટણમાંથી પકડેલો ભરત ચૌધરી હાલમાં જામીન પર મુક્ત છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને મૂળ રાધનપુરના કમાલપુરના વતની ચૌધરીએ તેમના વકીલ ડી.બી. પંડ્યા મારફતે કોર્ટમાં અરજી કરી હતી. આરોપીએ દુબઈમાં રહેલા બેંક એકાઉન્ટ અને અન્ય એગ્રીમેન્ટમાં ફેરફાર કરવા માટે ૯૦ દિવસ સુધી પાસપોર્ટ પરત આપવાની માગણી કરી હતી. જોકે, કોર્ટે માત્ર ૧૫ દિવસ માટે જ મંજૂરી આપી છે. આરોપીએ વિદેશથી પરત ફર્યા બાદ તરત જ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો રહેશે અને વિદેશ જતા પહેલા પાસપોર્ટની એક નકલ કોર્ટમાં જમા કરાવવાની રહેશે.

આ અંગેની વિગત એવી છે કે, આરોપી ભરત ચૌધરીએ તેમના વકીલ ડી.બી.પંડયા મારફતે પાટણની સેશન કોર્ટમાં પોતાને વિદેશ દુબઈ જવા માટે પોતાની અગાઉની જામીન અરજીમાં મુકેલી બે શરતો કે જેમાં પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો અને અદાલતની મંજૂરી સિવાય ભારતની હદ છોડવી નહી તેવી શરતોમાં કામચલાઉ ફેરફાર કરીને પોતાનો પાસપોર્ટ ૯૦ દિવસ સુધી પરત આપવા અને ભારત દેશની હદ છોડવા પરવાનગી આપવા માટે રજુઆત કરતી અરજીમાં જણાવ્યું હતુ કે, તેને દુબઈ ખાતે તેના બેંક એકાઉન્ટ તેમજ અન્ય એગ્રીમેન્ટોમાં ફેરફાર કરવા દુબઈ જવું જરૂરી હોવાથી ત્રણ મહીના સુધી પાસપોર્ટ આપી તેને ભારત દેશની હદ છોડવા પરવાનગી મળે.આરોપી ભરત ચૌધરીની અરજીમાં વધુમાં જણાવાયું હતું કે, ભરત ચૌધરી ભારત તથા દુબઈ અવારનવાર જતો આવતો હોવાથી તેને દુબઈ ખાતે નોકરીના કામે જવું જરૂરી હોવાથી અને દુબઈની બેંકમાં એકાઉન્ટ ધરાવતા હોવાથી તે એકાઉન્ટ મેઈનટેન કરવા પોતાને ત્યાં જવું જરૂરી છે. આ એકાઉન્ટ બંધ ન કરાવે તો ત્યાંની સરકાર તેને મોટો દંડ તેમજ તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકે તેમ છે. પોતે દુબઈ ખાતે રેન્ટ એગ્રીમેન્ટથી ફ્લેટમાં ભાડે રહેતો હોવાથી તેની અવધિ પતી ગયેલી હોવાથી રીન્યુ કરાવવા તથા રદ કરવા માટે તેને દુબઈ જવું જરૂરી છે. પોતે રેન્ટ એગ્રીમેન્ટમાં ફેરફાર કે રદ ન કરાવે તો તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થાય તેમ છે. પોતે દુબઈ ખાતે ઘણા સમયથી રહેતા હોવાથી બીજા નાના મોટા કામકાજ બાકી રહેલા હોવાથી તેની હાજરી વગર થઈ શકે તેમ નથી. તેથી ભારત દેશ છોડવાની પરવાનગી આપવા જણાવ્યુ હતું.

અરજીમાં વધુમાં જણાવાયું હતું કે, જો આ પાસપોર્ટ તેને પરત આપવામાં ન આવે તો તેને આર્થિક નુકશાન થાય તેમ છે. પોતે અમદાવાદ ખાતે સ્થાવર, જંગમ, મિલકત ધરાવે છે અને નોકરી ધંધો કરતા હોવાથી નાસી જાય તેમ નથી. જો ભરત ચૌધરીને પાસપોર્ટ પરત આપવામાં ન આવે તો તેના તમામ કામો અટકી પડે અને દુબઈ ખાતે તેની વિરૂદ્ધ કાનુની કાર્યવાહી થાય તેમ છે.

# તાપી જિલ્લામાં રાજ્યકક્ષાના ૭૬માં પ્રજાસત્તાક દિવસની રંગેચંગે ઉજવણી કરાશે

તાપી જિલ્લામાં ૨૬ મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સહિત સંલગ્ન તમામ કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. તાપી જિલ્લા પ્રભારી સચિવ શ્રી મિલિંદ તોરવણેના વડપણ હેઠળ ગણતંત્રની ઉજવણીનું અંતિમ રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પોલીસ પરેડ, પોલીસ વિભાગ દ્વારા યોજનારા બ્રાસ બેન્ડ ડિસપ્લે, સાંસ્કૃતિક કાર્યક્રમ, મોટરસાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો, હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા, હર્ષ ધ્વનિ, સહિત પુરસ્કાર અને ટ્રોફી વિતરણનું પણ રિહર્સલ કરવામાં આવ્યું હતું.

રિહર્સલમાં તાપી જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગ સહિત ઉચ્ચ અધિકારીઓ, વિવિધ વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓ, પોલીસના જવાનો, સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરનારા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ ધ્વજવંદન કાર્યક્રમ વાલોડ તાલુકાના બાજીપુરા પરેડ



ગ્રાઉન્ડ ખાતે સવારે ૯:૦૦ કલાકે યોજાનાર છે. જેની ઉજવણી અન્વયે કાર્યક્રમમાં પધારવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પ્રાચીન વાવ બાદ હવે સંભલમાં મળ્યા ૪૦૦ સિક્કા : રામ, લક્ષ્મણ અને જાનકીની બની છે આકૃતિ

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં આવેલા અમરપતિ ખેડા વિસ્તારમાં ૩૦૦થી ૪૦૦ પ્રાચિન સિક્કા મળી આવ્યા છે. આ સિક્કા પર રામ સિતા અને લક્ષ્મણની આકૃતિ બનેલી છે, જે બ્રિટિશકાળથી પણ જૂની હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત પથ્થરની મુર્તિ અને માટીના વાસણ પણ મળી આવ્યા હતાં. જે જગ્યા પરથી આ વસ્તુઓ મળી આવી છે, તે જગ્યા પૃથ્વીરાજ ચૌહાણના સમયગાળામાં ગુરુ અમરની સમાધિ પાસેનો વિસ્તાર છે. જે ૧૯૨૦થી છજીૈં સુરક્ષા હેઠળ છે. બહાદુર યોદ્ધાઓ અલ્હા અને ઉદાલ ગુરુ અમરના શિષ્યો હતા. હકીકતમાં સંભલ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઐતિહાસિક તીર્થ સ્થળો શોધવા માટે સતત કોશિશ કરવામાં આવી રહી છે.



જેમાં વહીવટીતંત્રે ગુરુ અમરની સમાધિ શોધી કાઢી છે, જેમને પૃથ્વીરાજ ચૌહાણના સમકાલીન માનવામાં આવે છે. સોત નદીના કિનારે આવેલા અલીપુર ખુર્દ ગામના અમરપતિ ખેડામાં સેંકડો વર્ષ જૂના સિક્કા અને માટીના વાસણો મળી આવ્યા છે. અમરપતિ ખેડાને લઈને એવું કહેવામાં આવે છે કે, આ સ્થળે અલ્હા ઉદલના ગુરુ અમર બાબાની સમાધિ છે.જયારે ગામલોકોએ સિક્કા અને વાસણો મળવાની વાત કરી, ત્યારે એસડીએમ વંદના મિશ્રા એએસઆઈ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. આ સ્થળ ૧૯૨૦ માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યું હતું.

# ૧૫ લાખથી વધુ આવક ધરાવતા લોકો પર સરકારની નજર, બજેટમાં મળી શકે છે ગુડ ન્યૂઝ

નવી ટેક્સ સિસ્ટમ લાગુ થયા બાદ સરકારે ટેક્સ સ્લેબ મુજબ મર્યાદા વધારીને વાર્ષિક રૂ. ૧૫ લાખથી ઓછી આવક ધરાવતા કરદાતાઓને રાહત આપી છે. આ રાહતનો હેતુ વધતા ફુગાવાના સમયમાં તેમની આવક થતા ઘટાડાથી બચાવવાનો છે. પરંતુ, જો આપણે સૌથી વધુ ટેક્સ ચૂકવનારા કરદાતાઓની વાત કરીએ, તો તેમને છેલ્લા ૫ વર્ષથી લિમિટ મુજબ કોઈ રાહત મળી નથી. ડેટા અનુસાર, ૨૦૨૦માં નવી ટેક્સ સિસ્ટમની શરૂઆતથી, કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ (ૈંૈં)માં લગભગ ૨૧%નો વધારો થયો છે.ફુગાવાની અસરને ઘટાડવા માટે, સરકારે પાંચ વર્ષમાં રૂ. ૧૫ લાખથી ઓછી આવક ધરાવતા કરદાતાઓ માટે ઓછામાં ઓછા ૨૦% અને મહત્તમ ૪૦%ની મર્યાદામાં વધારો કર્યો છે. જો કે, ૧૫ લાખથી વધુ આવક ધરાવતા કરદાતાઓની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તેઓએ મહત્તમ ૩૦%ના દરે ટેક્સ ચૂકવવો પડશે.નિષ્ણાતો એમ પણ માને છે કે હવે ફુગાવા અને અન્ય ખર્ચાઓને જોતા સરકારે સૌથી વધુ સ્લેબમાં આવતા લોકોને રાહત આપવા અંગે વિચારવાની જરૂર છે.આંકડાઓ અનુસાર, જો આપણેૈંઈ ફાઈલ કરનારાઓની આવકના સ્લેબ પર નજર કરીએ, તો ૭૦% કરદાતાઓની કરપાત્ર




આવક ૫ લાખ રૂપિયા અથવા તેનાથી ઓછી છે.આવી સ્થિતિમાં માત્ર ૩૦% લોકો જ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન માટે સરકારનો સૌથી મોટો આધાર છે. એટલા માટે એવી માંગ કરવામાં આવી રહી છે કે આ લોકોને પણ ટેક્સના બોજમાંથી થોડી રાહત મળવી જોઈએ, જેનાથી શહેરી કર્મચારીઓને ઘણી રાહત મળશે, કારણ કે આ લોકો ઊંચા વ્યાજ દરે હોમ લોન ઈૈંૈં ચૂકવી રહ્યા છે. તેમજ સારી લાઈફસ્ટાઈલ માટે ખર્ચા કરી રહ્યા છે. ગ્રાન્ટ થોર્ન્ટન ઈન્ડિયાના તાજેતરના સરવેમાં પણ લોકોએ ટેક્સ મુક્તિની માંગણી કરી છે. સરવે અનુસાર, દેશના ૫૭% વ્યક્તિગત કરદાતા ઈચ્છે છે કે સરકાર આગામી બજેટમાં ટેક્સમાં ઘટાડો કરીને તેમને રાહત આપે. ૨૫% લોકોએ મહત્તમ ટેક્સ સ્લેબમાં છૂટછાટની માંગ કરી છે. ૭૨% વ્યક્તિગત કરદાતાઓએ નવી ઈન્કમટેક્ષ સિસ્ટમ પસંદ કરી હોવા છતાં, ૬૩% લોકો જૂની સિસ્ટમ હેઠળ પ્રોત્સાહનો વધારવાની તરફેણમાં છે.નવી ટેક્સ સિસ્ટમ પ્રત્યે આકર્ષણ વધારવા માટે લગભગ ૪૬% લોકોએ ટેક્સ રેટ ઘટાડવાનું સૂચન કર્યું છે. ૪૭% લોકો ઈચ્છે છે

# કલેક્ટરશ્રી મેહુલ કે. દવે ની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વ ઉજવણી સંદર્ભે પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ




ગાંધીનગર જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ગણતરીના દિવસો રહ્યા છે. ત્યારે ૨૬મીએ યોજાનારા ભવ્ય ઉજવણી અંતર્ગત કલેકટરશ્રી ગાંધીનગર મેહુલ કે. દવે ની અધ્યક્ષતામાં પૂર્વ તૈયારીઓની જાણકારી મેળવવા માટે આયોજન બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠક અંતર્ગત કલેકટરશ્રી મેહુલ કે. દવે દ્વારા જિલ્લાના તમામ અધિકારીઓ સાથે ૨૬ મી જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત ભવ્ય આયોજન સંદર્ભે નાનામાં નાના મુદ્દે પણ ચર્ચા કરી, સફળ અને સુંદર આયોજન થાય તે અંગે ચોક્કસ માહિતી મંગાવી તૈયારીઓનું અવલોકન કરવામાં આવ્યું હતું.આ બેઠક અંતર્ગત કલેકટરશ્રીએ ઉપસ્થિત સૌ વહીવટી તંત્રના અધિકારીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રભારી મંત્રીશ્રીની હાજરીમાં ગૌરવપૂર્ણ ઉજવણી થાય તે આપણા સૌની સહિયારી જવાબદારી છે, આ રાષ્ટ્રીય પર્વને પોતાના ઘરનો પ્રસંગ સમજી આ ભવ્ય ઉજવણીમાં સહપરિવાર ભાગીદાર થવા કલેક્ટરશ્રીએ વિનમ્રતાપૂર્વક સૌને અનુરોધ પણ કર્યો હતો. સાથે જ સ્ટાફની હાજરી, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ વગેરેની ચર્ચા કરી કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તેની વિશેષ કાળજી રાખવા પણ કલેક્ટરશ્રી દ્વારા સૂચન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કલેક્ટરશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ બોલાવે ને આવો એમ નહીં, રાષ્ટ્રપર્વામાં ઉમળકાભેર સામેલ થાવ અને ઘરમાં બેસી રાષ્ટ્ર પર્વ, બંધારણ અને મહામૂલી સ્વતંત્રતા ના કિસ્સાઓથી નવી પેઢીને માહિતગાર કરો, જેથી નવી પેઢી આ પર્વમાં મનથી દેશ પ્રેમ થકી જોડાય.

સાથે જ એમણે એમ પણ ઉમેરી હતું કે, મજબુત લોકશાહી અને સક્ષમ સમાજના નિર્માણ માટે નવી પેઢીના હૃદયમાં દેશભક્તિની જ્યોત જગાવવી જ પડશે, અને સ્વાતંત્ર્યતામાં આજે આપણે જે શ્વાસ લઈ રહ્યા છે, તેનું મૂલ્ય નવી પેઢીને સમજાવું પડશે. એટલે જ સ્વાતંત્રતા તથા બંધારણના મૂલ્યને સમજતા પ્રજાસત્તાક પર્વમાં સહભાગી થઈ શકીએ છીએ, તેને પણ ભગવાનના આશિષ માની રાષ્ટ્રીયપર્વમાં હાજરી આપવી એ આપણે સૌની નૈતિક ફરજ સમજી દેશની અને આ રાષ્ટ્ર પર્વની ગરિમાને ઉજાગર કરવાની છે.

૨૬ જાન્યુઆરીના પર્વની પૂર્વ તૈયારી અંગેની આયોજન બેઠકમાં ગાંધીનગર કલેકટરશ્રી સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી?.જે. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી દિગંત બ્રહ્મભટ્ટ સહિત જિલ્લા વહીવટી તંત્રના વિવિધ ખાતાના અધિકારીઓ, પદાધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા.

# અમેરિકાનું બંધારણ બદલશે ટ્રમ્પ, પુતિનની જેમ લાંબા સમય સુધી રહેવા માંગે છે રાષ્ટ્રપ્રમુખ

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે. યુએસ બંધારણ હેઠળ, વ્યક્તિ ફક્ત બે વાર રાષ્ટ્રપતિ બની શકે છે અને માત્ર બે ટર્મ માટે સેવા આપી શકે છે. પરંતુ ટ્રમ્પે ત્રીજી વખત રાષ્ટ્રપતિ બનવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ માટે બંધારણમાં સુધારો કરવો જરૂરી છે, તો જ ટ્રમ્પ ત્રીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકશે.એવામાં હવે મળતી જાણકારી મુજબ અમેરિકામાં હવે બંધારણમાં સુધારો કરવાની તૈયારી ચાલી રહી છે. આ સુધારા સાથે અમેરિકામાં રાષ્ટ્રપતિનો કાર્યકાળ ૩ ટર્મનો રહેશે.ટ્રમ્પ અમેરિકાના ત્રીજી વખત રાષ્ટ્રપતિ બની શકે તે માટે અમેરિકાની સત્તાધારી રિપબ્લિકન પાર્ટીના એક સાંસદે યુએસ કોંગ્રેસમાં સંયુક્ત ગૃહ ઠરાવ રજૂ કર્યો છે. આ પ્રસ્તાવ દ્વારા અમેરિકી બંધારણમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી છે. જેના સંશોધન હેઠળ અમેરિકાના રાષ્ટ્રપતિનો કાર્યકાળ



ત્રણ ટર્મનો થઈ શકે છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ત્રીજી વખત રાષ્ટ્રપતિ બનાવવાના હેતુથી આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને આ ઈરાદો ખુદ સાંસદ એન્ડી ઓગલ્સે વ્યક્ત કર્યો હતો. સાંસદે કહ્યું, 'આ સુધારા પછી ટ્રમ્પ ત્રીજી વખત રાષ્ટ્રપતિ બની શકશે અને દેશને એક મજબૂત નેતૃત્વની ખાતરી મળશે, જેની આપણા દેશને ખૂબ જ જરૂર છે.' આ અંગે ઓગલ્સે વધુમાં કહ્યું કે, 'ટ્રમ્પે આધુનિક ઈતિહાસમાં પોતાની જાતને એક માત્ર એવા વ્યક્તિ તરીકે સાબિત કરી છે જે આપણા દેશના પતનને પલટાવવા અને અમેરિકાને મહાનતા તરફ પાછા લાવવા માટે સક્ષમ છે, તેમને તે ધ્યેય પૂરો કરવા માટે જરૂરી સમય આપવો જોઈએ.'નવા રજૂ કરેલા ઠરાવ અનુસાર, કોઈપણ વ્યક્તિ ત્રણ વખતથી વધુ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાઈ શકશે નહી, પરંતુ સતત બે ટર્મ માટે ચૂંટાયા પછી, કોઈપણ નેતા ત્રીજી ટર્મ માટે દાવો કરી શકશે નહી.' તે જ સમયે, કોઈપણ વ્યક્તિ કે જેણે રાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો હોય અથવા ૨ વર્ષથી વધુ સમય સુધી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હોય તે બે વખતથી વધુ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાઈ શકશે નહી.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS NO. 0101

વિષય: ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી..
શીર્ષક: શામળિયા કેરો ચાંદલિયો
પ્રકાર : પદ્ય -ગીત શબ્દો: ૧૦૩

રાધા, સુખ તારે તો શામળિયાની સાથે રે,
ખોળે તારે, ઘેલો શ્યામ મન મૂકીને પોઢે રે.

પીતાંબર એનું લઈને તું મુખ ઉપર ઓઢે રે,
અણિયારાં લોચન કહાનજીના તને જોયે રે.

ગોરી માથે મટૂકી મૂકી વૃંદાવનની વાટે હેંડે રે,
રાજની ખડકીએ આવી કહાનજી નિહાળે રે.

સેંથીમાં સિંદૂર ભરી ઉપર આભૂષણ સોહે રે,
કાજળ તારું કામણગારું લાલજી તેમાં મોહે રે.

શામળિયા કેરો ચાંદલિયો રાધા નીલવટ દીપે રે,
કેડે કંદોરો હિલોળા લે ઝાંઝરના ઘૂઘરા વાગે રે.

નટખટ કાન રમકડાંને રાધાજી નચાવે રમાડે રે,
સ્નેહના રંગોથી શ્યામ સહેલાઈથી ઢળી પડે રે.

ભૂમિ રસ વૃક્ષે પ્રસર્યો કામ રસ નયને વસિયો રે,
અમૃત રસે કુચમંડળ ભર્યા હૃદયે નાથ રસિયો રે.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### : NOG SS No. 347

વિષય:- ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તુ શરુ તો કર થોડાં સ્નેહના રંગોથી
શીર્ષક:- પ્રેમનો રંગ
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૭૩

શું રંગ ચઢે એને રંગાયા જે પ્રેમનાં રંગે?
હોય કેટલોય ઘાટો એ રંગ,
ન લાગે એને ચઢ્યો જેને પ્રેમનો રંગ!
રંગ પ્રેમનો કરે લાગણીથી તરબોળ,
ભીંજાય હૈયું ને હરખની હેલી વરસે!
ફિક્કાં લાગે એને બાકી બધાં રંગો,
રંગાય જાય છે જે પ્રેમનાં રંગે!
ક્યાં જરુર છે એને બાહ્ય રંગોની,
એને મન તો પ્રિયતમ સાથેની ક્ષણો,
એટલે પ્રેમનાં રંગે રંગાઈ જવાની ક્ષણો!
ન હોય જો શરીરનું આકર્ષણ માત્ર,
તો સૌથી ઘાટો આ પ્રેમનો રંગ!!!
સ્નેહલ જાની, સુરત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO.- 193

વિષય - ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરુ તો કર થોડા સ્નેહ ના રંગોથી
શીર્ષક - દિલની વાત હું માનું છું
પ્રકાર - પદ્ય શબ્દો - ૭૦

હું તને ગમું છું, અરિસામાં સદા ખુદને હું સજાવું છું..
તારા વગર મારું અસ્તિત્વ નથી સદા દિલની વાત હું માનું છું..
ફૂલોની સુવાસ પર રહેતું પતંગિયાનું આકર્ષણ..
અંતરમાં થતું સદા પ્રેમનું ઘર્ષણ હું જાણું છું..
લૈલા- મજનુ, હિર- રાંઝાની અમર? છે પ્રેમ કહાની..
ઈતિહાસ એનો જાણવા સદા પ્રેમ નો ગ્રંથ હું વાંચું છું..

ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરુ તો કર..
તારા પ્રણયના રંગમાં સદા નિખરવા હું માંગું છું..
છાયા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### : NOG SS NO. 215

વિષય : ’’ ચિત્રાઈ જઈશ હું તારા રંગે,
તું શરું તો કર થોડા સ્નેહના રંગોથી "
શીર્ષક : " સ્નેહનાં રંગોથી ચિત્રાઈ "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૭.

ધક ધક ધક હૃદયની ધડકન કરતી રહી,
દિલની સંવેદના નજર સામે તરતી રહી.

વ્હાલનો દરિયો આંખોથી વહેતો રહ્યો,
અને લાગણીઓ શબ્દોમાં ઝરતી રહી.

સ્નેહના રંગોથી ચિત્રાઈ ગઈ કાયા કેવી?
પ્રેમમાં પીંછી પછી રંગોથી નીતરતી રહી.

નજરથી નજરની પ્રેમ ગોષ્ઠી થતી રહી,
ના ઓટ આવી પ્રેમની ફક્ત ભરતી રહી.

શરદ ઋતુની અંધારી રાત ગુજરાતી રહી,
શીત લહેરોથી, કુશ કાયા થરથરતી રહી.

કઈ રંગો ભરી જિંદગી છે ’શ્યામ’ છતાં,
માત્ર એક મહોબતનાં રંગે ઉભરતી રહી.

શ્યામ ગોયાણી ’શ્યામ’
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No 351

વિષય: ચિત્રાઈ જાને રંગમાં..
શીર્ષક: રંગાઈ જા
પ્રકાર: પદ્ય શબ્દ:૭૫
નાચી કૂદી ઉછળી તારા પ્રેમમાં રંગાઈ ગઈ,
ગઝલના શેરના શેરમાં હું લખાઈ ગઈ.

આમ રોજ રોજ મુલાકાતની યાદોમાં રંગાઈ ગઈ,
આમ પ્રેમ ભર્યા વચનના સંભારણામાં સમાઈ ગઈ.

શબ્દ થકી પ્રેમના કાગળમાં આલેખા ગઈ,
આપી શકે તો ફૂલોની સુગંધ, પેમપત્રમાં સૌરભ માં સમાઈ ગઈ.

આભ જેવા પ્રેમમાં તારલીયા માં સંતાઈ ગઈ,
પીછી ફેરવીને સૌંદર્યમાં હું ચિત્રાઈ ગઈ.

પ્રીત કેરા મનના અલગ અલગ રંગમાં છલકાઈ ગઈ,
ક્યાંક અવકાશ ભરીને જિંદગીમાં હું ચિત્રારઈ ગઈ.
જયશ્રી વાઘેલા (મુંબઈ)


★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 382

નામ- રમેશ પટેલ
ઉપનામ- આકાશદીપ
ગામ/શહેર- કેલિફોર્નિઆ( અમેરિકા)
વિષય : " ચિત્રાઈ જઈશ હું તારા રંગે,તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી"
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૧૦
બીજો તો રંગ ના ચડે અમને રે કાનપ
?
?હું યે રંગું ને તમેય રંગજો
રંગમાં રંગે રમાડે રે ગોકુળ
મટુકીમાં મ્હાલે માધવ ને કેસૂડો ઝુમે જાણે કેસરીયાળો કંથ
બંસરીના નાદે કામણ કંડારે ને અઢી અક્ષરમાં ઝુમે પરમાનંદ
પીળી ભાતલડીમાં મોંહ્યાં રે મન,
કોણ લઈ કોને હાલે ન જાણે વૃન્દાવન.
સોનેરી પીંછણે રંગે રંગાઈ યમુનાજીની પ્રભાતી પ્રીત.
વ્હાલમાં ઝબોળે રાધાને કાનજી, ટહુકે વાસંતી ગીત.

તારો તે રંગ એવો પાકો શામળીયા
બીજો તો રંગ ના ચડે અમને રે કાન
મોર મુગટે સોહે મોહક નયનોની વરણાગી ભાત.
વસંતના વાયરે વીંટાયું વૃન્દાવન, ધન્ય! જ વગડાની વાટ.
રમેશ પટેલ(આકાશદીપ)

# રાજપાલ યાદવના પિતાનું નિધન:છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા, દિલ્હી એઈમ્સમાં અંતિમ લીધા શ્વાસ



બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવના પિતાનું દિલ્હીમાં અવસાન થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. પિતાની તબિયત બગડતાં રાજપાલને કામ પરથી પાછા ફરવું પડ્યું. રાજપાલ યાદવ કામ માટે થાઈલેન્ડ ગયો હતો. અહેવાલો અનુસાર, રાજપાલના પિતા દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. અહીં જ તેમણે અંતિમ શ્વાસ લીધા.રાજપાલ યાદવના પિતાનું અવસાન પિતાના અવસાન પછી, એક્ટરની એક જૂની સોશિયલ મીડિયા પોસ્ટ વાઈરલ થઈ છે. આ ઈમોશનલ પોસ્ટમાં રાજપાલ યાદવ તેના પિતા સાથે જોવા મળ્યો હતો. તેણે કેપ્શનમાં લખ્યું, ‘મારા જીવનમાં મને પ્રોત્સાહન આપનારા સૌથી મોટા વ્યક્તિ મારા પિતા હતા.‘ જો તમે મારા પર વિશ્વાસ ન કર્યો હોત, તો હું આજે જે છું તે ન હોત. મારા પિતા બનવા બદલ આભાર. હું તમને ખૂબ જ પ્રેમ કરું છું. રાજપાલ યાદવના ચાહકો પણ તેમના પિતાના મૃત્યુના સમાચારથી દુઃખી છે. એક્ટર ફેન્સ તેને સંવેદના આપી રહ્યા છે.

બે દિવસ પહેલાં રાજપાલ યાદવને મળી હતી ધમકી બે દિવસ પહેલાં રાજપાલ યાદવને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. એક્ટરને ઇ-મેઇલ મળ્યો હતો, આ ધમકી તેમને પાકિસ્તાનથી મળી હોવાની વાત સામે આવી હતી. એક્ટરે આ અંગે મુંબઈ પોલીસને પણ ફરિયાદ કરી હતી. રાજપાલે કહ્યું હતું કે તેણે પોલીસ તેમજ સાયબર ક્રાઈમ વિભાગને આ ધમકી વિશે માહિતી આપી દીધી છે. પોલીસ આ મામલાની તપાસ ચાલી રહી છે.

# રિયા ચક્રવર્તી-નેહા ધૂપિયા વચ્ચે ગાળાગાળી? :રોડીઝના નવા પ્રોમોમાં જોવા મળ્યો તીખો અવતાર

MTV રોડીઝની નવી સીઝન ૧૧ જાન્યુઆરીથી ઓન-એર થઈ છે. તાજેતરમાં, શોનો એક પ્રોમો સામે આવ્યો છે, જેમાં ગેંગ લીડર રિયા ચક્રવર્તી ગેંગ લીડર નેહા ધૂપિયા સાથે લડતી દેખાઈ હતી.આ બધું એક ટાસ્ક દરમિયાન થયું હતું. રિયાએ તેની વાતમાં નેહાનો ઉલ્લેખ કર્યો. એક એપિસોડ દરમિયાન, તેણે નેહાને ‘બડી કમીની હૈ તૂ‘ એવું કહ્યું હતું. નેહાએ તેને વળતો પ્રહાર કરતાં કહ્યું કે ‘મોઢું સંભાળીને વાત કર‘. જોકે, બંને વચ્ચેની વાતચીત પછી વાતાવરણ ગરમ થઈ ગયું. પ્રેક્ષકોની સાથે, બાકીના ગેંગ લીડર્સ પણ જોતા રહી ગયા.





આ પહેલીવાર નથી કે ગેંગ લીડર તરફથી આવું રિએક્શન સામે આવ્યું હોય. આ પહેલા નેહા ધૂપિયા પોતાના એક નિવેદનને કારણે ચર્ચામાં આવી હતી. તેણે એક કન્ટેસ્ટન્ટને તેની ગર્લફ્રેન્ડને થપ્પડ મારવા બદલ ઠપકો આપ્યો હતો. જ્યારે છોકરાની ગર્લફ્રેન્ડે તેની સાથે ઘણી વખત છેતરપિંડી કરી હતી. આના પર નેહાએ કહ્યું હતું- તો શું, એ તેની પંસદગી છે....જેના પર બહુ મીમ્સ પણ બન્યા હતા અને આ વાત પર એક્ટ્રેસને ટ્રોલ કરવામાં આવી હતી. નેહાએ સોશિયલ મીડિયા દ્વારા આ નિવેદનનો ખુલાસો કરવો પડ્યો હતો. નેહાએ કહ્યું હતું કે તેણે હિંસાની નિંદા કરી હતી. કોઈને છેતરવાનું સમર્થન કર્યું નથી.

રોડીઝની નવી સીઝન રણવિજય સિંહ હોસ્ટ કરી રહ્યા છે. ગેંગના લીડરમાં નેહા ધૂપિયા, પ્રિન્સ નરુલા, રિયા ચક્રવર્તી અને એલ્વિશ યાદવનો સમાવેશ થાય છે.

# વાયુ પ્રદૂષણમાં દિલ્હી પછી અમદાવાદ ત્રીજા ક્રમે, શ્વાસમાં ત્રણ સિગારેટનો ધુમાડો લઈ રહ્યા છે શહેરીજનો




દિલ્હી બાદ હવે ગુજરાતની હવા પણ ઝેરી બની રહી છે. છેલ્લાં ત્રણેક દિવસથી અમદાવાદ શહેરની હવા અશુદ્ધ બની રહી છે. હવામાં ઝેરી રજકણોની માત્રા વધતાં શ્વાસ-અસ્થમાના દર્દીઓ માટે જોખમી વાતાવરણ બની રહ્યું છે. ગુરુવારે (૨૪ જાન્યુઆરી) વહેલી સવારે વાયુ પ્રદુષણ એટલી હદે બગડ્યું કે, એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંકડો ૧૫૦ને વટાવી ગયો હતો. નોંધનીય છે કે, બુધવારે તો એર ક્વોલિટી ઈન્ડેક્સ છેક ૧૭૩ સુધી પહોંચ્યો હતો. આમ, વાયુ પ્રદૂષણને નાથવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાંય અમદાવાદીઓને શુદ્ધ હવા મળી શકે તેમ નથી.

ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તારની સરખામણીમાં અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. જાન્યુઆરી માસમાં જ છેલ્લાં ત્રણેક દિવસથી એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૦થી વધુ રહ્યો છે. સામાન્ય રીતે ૅસ ૨.૫ (ૅૌૈંઙ્ઘટ્ઠી સ્ઙ્ઘીિ ૨.૫)ની માત્રા ૨૫થી ઓછી હોવી જોઈએ. ગુરુવારે અમદાવાદમાં ૅસ ૨.૫ની માત્રા વધીને ૬૦ સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત હવામાં ૅસ ૧૦નું પ્રમાણ ૫૦થી ઓછું હોય તો શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ, ગુરુવારે વહેલી સવારે પીએમ ૧૦નું પ્રમાણ ૧૩૪ સુધી પહોંચ્યું હતું. હવામાં આ ઝેરી રજકણો સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ ૫૦થી ઓછો હોય તો હવા એકદમ શુદ્ધ હોય છે.

અમદાવાદમાં કઠવાડા, ચાંદખેડા, સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ અને સેટેલાઈટમાં સૌથી વધુ હવા ઝેરી બની હતી કેમકે, આ વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ છેક ૧૫૭થી માંડીને ૧૫૯ સુધી પહોંચ્યો હતો. હવામાં ઝેરી રકજણોનું પ્રમાણ વધતાં શ્વાસ લેવો મુશ્કેલ બની રહે છે. આ ઝેરી હવા ફેફસામાં પ્રવેશે તો બ્રોન્કાઈટીસ, ફેફસાનું કેન્સર, બ્રેઈન સ્ટ્રોક, હૃદય રોગ સહિતના રોગો થવાની સંભાવના રહે છે. અમદાવાદમાં ભયજનક સ્તરે વાયુ પ્રદૂષણ થઈ રહ્યું છે, તે જોતાં અમદાવાદ પણ દિલ્હી બનવા તરફ આગળ વધી રહ્યું છે. વાયુ પ્રદૂષણમાં ભારતમાં ટોચના દસ શહેરોમાં દિલ્હી, કોલકત્તા પછી અમદાવાદ ત્રીજા ક્રમે રહ્યું છે. ગુજરાતમાં વાપી, અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તારો કરતાં અમદાવાદ મોખરે રહ્યું છે. આમ, વાયુ પ્રદુષણને કાબૂમાં લેવા મ્યુનિસિપલ કૉર્પોરેશનથી માંડી જીપીસીબી દ્વારા સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ છતાંય સ્થિતિમાં કોઈ સુધારો જોવા નથી મળી રહ્યો.હવામાં વાયુ પ્રદુષણનું પ્રમાણ એર ક્વોલિટી ઈન્ડેક્સ આધારે ખબર પડે છે. અમદાવાદમાં ગુરુવારે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૦નો આંકડો પાર કરી ગયો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે, જો ૧૫૦ છઊૈં હોય તો તે સ્થળ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે. એટલું જ નહીં, એ સ્થળે શ્વાસ લેવાથી ત્રણ સિગારેટનો ધુમાડો ફેફસામાં પ્રવેશ છે.

# અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટરે ૧ રૂપિયાનો ઘટાડો કર્યો, સતત વધારા બાદ નજીવી રાહત

અમૂલ ડેરી દ્વારા છેલ્લા ઘણાં સમયથી દૂધની જુદી જુદી પ્રોડક્ટના ભાવમાં સતત વધારો કરી રહી છે. ત્યારે હવે પહેલીવાર અમૂલ ડેરીએ તેની પ્રોડક્ટના ભાવમાં ઘટાડો જાહેર કર્યો છે. અમૂલ દ્વારા દૂધની ત્રમ જુદી જુદી પ્રોડક્ટના ભાવમાં નજીવો ફેરફાર કરીને એક રૂપિયાનો ઘટાડાની જાહેરાત કરવામાં આવી છે.




અમૂલ ડેરીએ અમૂલ ગોલ્ડ, અમૂલ તાજા અને ટી સ્પેશિયલ આ ત્રણ દૂધની પ્રોડક્ટના ૧ લીટરના પાઉચ પર ૧ રૂપિયાનો ભાવ ઘટાડો કર્યો છે. અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૬ રૂપિયા, અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૫ રૂપિયા અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૨ રૂપિયા, અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૧ રૂપિયા, અમુલ તાજા ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૫૪ રૂપિયા, અમુલ તાજા ૧ લીટર પાઉચનો નવો ભાવ ૫૩ રૂપિયા થયો છે.

# સાયન્સ સિટી ખાતે આયોજિત રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ના ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઈ




ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ની ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઈ હતી. કાર્યક્રમમાં સ્પર્ધાના વિજેતાઓને કેશ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધામાં દેશભરના જીઈસ ક્ષેત્રના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અગ્ર સચિવ સુશ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્પર્ધાની ચોથી આવૃત્તિ યોજાઈ છે. આવનારા સમયમાં આ સ્પર્ધાને વધુ ચેલેંજીંગ અને વધુ પડકારોથી સજ્જ બનાવવામાં આવશે.

વધુમાં વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ સ્પર્ધાના નિયમો ગ્લોબલ લેવલની સ્પર્ધાઓ માટે તૈયાર બને એવા બનાવવામાં આવશે. સ્જીસ્ઈ ક્ષેત્રના પડકારોને આ સ્પર્ધા દ્વારા ઉકેલવાનો પ્રયાસ આગામી આવૃત્તિમાં કરવો જોઈએ. આ માટે જરૂરી તમામ સ્ત્રોતોની વ્યવસ્થા કરવા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સજ્જ છે. સાથે જ, તેમણેં જીઈ અનેં ઈન્ની સફળતાનો ઉલ્લેખ કરીને સ્પેસ મિશન , વેસ્ટ મેનજમેન્ટ સહિતના ઘણા ક્ષેત્રો માટે રોબોટિક્સની ભવિષ્યમાં અનેકગણી રહેવાની છે, એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ફીઝીક્લ રિસર્ચ લેબોરેટરી(ઈન)ના ડાયરેકટર શ્રી અનિલ ભારદ્વાજે સ્પર્ધામાં ભાગ લેનાર સૌને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને યેંત્તર્ઝજી દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં યુવાઓએ રોબોટિક્સ ક્ષેત્રે અવનવા આઈડિયા અને ઈનોવેશન પ્રદર્શિત કર્યા છે. રોબોટિક્સ ક્ષેત્રના વિકાસ માટે આ સ્પર્ધા અને આવા કાર્યક્રમો એક આગવું મંચ પૂરું પાડશે. સાથે જ, તેમણે મિશન ચંદ્રયાનના વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરના સંચાલનમાં રોબોટિક્સની ઉપયોગીતા અને મહત્વ, સ્પેસ મિશનમાં રોબોટિક્સની ઉપયોગીતા તથા રોબોટિક્સ ક્ષેત્રના પડકારો અને ભવિષ્યનો ઉલ્લેખ કર્યો હતો.

આ સ્પર્ધામાં જીઈસ્ના વિદ્યાર્થીઓએ સાત કેટેગરીમાં રોબોટ્સનું પ્રદર્શન કર્યું હતુ, જેમાં ટુ વ્હીલ્ડ સેલ્ફ બેલેન્સિંગ રોબોટ, સબમરીન અથવા અંડરવોટર રોબોટ, રોવર્સ, હેક્સાપોડ રોબોટ, સ્વાર્મ રોબોટ્સ, ફન રોબોટિક્સ (મેઝ સોલ્વિંગ રોબોટ) અને એપ્લિકેશન બેઈઝ્ડ રોબોટ્સનો સમાવેશ થાય છે.

આ ફિનાલેની સ્પર્ધામાં મહાનુભાવોના હસ્તે વિજેતાઓને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં દરેક ૭ કેટેગરીઓમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમને રૂ. ૧૦ લાખનું ઈનામ, બીજી ટીમને રૂ. ૭.૫ લાખ અને ત્રીજી ટીમને રૂ. ૫ લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું. સાથે જ દરેક કેટેગરીમાં વિશિષ્ટ પ્રદર્શન કરનારી ટીમોને પ્રોત્સાહક ઈનામ તરીકે રૂ. ૨.૫ લાખ આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ ના આયોજન દ્વારા યુવાનોમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કુશળતા પ્રદર્શિત કરવામાં મદદરૂપ બનશે.આ પ્રસંગે રોબોફેસ્ટ ગુજરાત ૫.૦ને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં યેંત્તર્ઝજીના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુ, ટેકનિકલ એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો. દેબાનિક રોય અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુધીર કે. પટેલ તથા ગ્રાન્ડ ફિનાલેના પ્રતિસ્પર્ધીઓ અને તેમના મેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

### રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમનું આયોજન : મોટી સંખ્યામાં નગરજનો જોડાયા



અયોધ્યાના ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની વર્ષગાંઠની ઉજવણીના શુભ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ 'HeyGandhinagar' દ્વારા શહેરના નાગરિકો માટે 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમમાં ખૂબ જ વિશાળ સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

આ 'જલસા સ્ટ્રીટ' કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ પૂર્ણ રીતે રામમય વાતાવરણમાં જોડાઈ ગયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અન્ય અતિથિઓમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રી જે. એન. વાઘેલા, ડે. મેયર શ્રી નટવરજી ઠાકોર, શાસકપક્ષના નેતાશ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર, કલ્ચરલ સમિતિના ચેરમેન શ્રીમતી અંજનાબેન મહેતા તથા અન્ય કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સ્થળે ૩૦ ફૂટ ઊંચું રામલલાનું ભવ્ય પોસ્ટર સ્થાપિત કરવામાં આવ્યું હતું. આ પોસ્ટર એક આકર્ષક કેન્દ્રબિંદુ બની રહ્યું હતું, જેણે આખા કાર્યક્રમને રામમય વાતાવરણ પ્રદાન કર્યું હતું.અતિથિઓ અને નગરજનોએ આ ભવ્ય પોસ્ટરની સામે ઉભા રહી રામલલાના દર્શન કર્યા અને સ્મૃતિરૂપ ફોટા પાડ્યા હતાં.

આ સંપૂર્ણ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર રામસખા મંડળ દ્વારા સુંદર હનુમાન ચાલીસા તેમજ તેમના દ્વારા રજુ કરવામાં આવેલ ભજનો રહ્યા હતા. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ કૃતિઓ દ્વારા આખું વાતાવરણ ભક્તિમય તેમજ રામમય બની ઉઠ્યું હતું.આ ઉપરાંત ૈપ્રહ્ઞ્ષ ગ્રુપના નિકુંજ ઠાકર દ્વારા ઉપસ્થિત સૌને ડેદ્વહ્ઙ્ક કરાવી ફિટનેસ તેમજ સ્વાસ્થ્ય પ્રત્યે લોકોને જાગૃત કર્યા હતા. આ ઉપરાંત સુંદર ગીતો પર ડાન્સ પરફોર્મન્સ દ્વારા ઉપસ્થિત સૌને તાળીઓ પાડવા મજબૂર કરી દીધા હતા. આ કાર્યક્રમમાં ભવ્ય આતશબાજી પણ કરવામાં આવી હતી . આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા અને તેમણે આ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો

## સામાજિક ભાગીદારી સાથે વ્યસનમુક્ત સમાજ માટે બ્રહ્માકુમારી દ્વારા ડ્રગ્સ મુક્તિનો કાર્યક્રમ યોજાયો

બ્રહ્માકુમારીના મિડિયા સંયોજક શશીકાંત ત્રિવેદી અને ભરત શાહના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમમાં ૧૦ પસંદ કરેલી ટૂંકી ફિલ્મો અને વડોદરા પોલીસ દ્વારા બનાવેલી ટેલિફિલ્મ બતાવવામાં આવી હતી. જેના દ્વારા સમાજને ડ્રગ્સ અને વ્યસનોની આદતમાંથી મુક્ત થવા માટે જાગૃતિનો સંદેશ અસરકારક રીતે આપવામાં આવ્યો હતો. પોલીસ વિભાગના, આઈપીએસ,પોલીસ કમિશનર વડોદરા શ્રી કોમર સાહેબજી ,કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.ઝોન ૨ સહાયક આસિસ્ટન્ટ પોલીસ કમિશનર અભય સોનીજી, ઝોન ૧ ના આસિસ્ટન્ટ. પોલીસ કમિશનર જુલી કોઠિયાજી, ટ્રાફિક શાખાના સહાયક પોલીસ કમિશનર જ્યોતિ પટેલજી, ઝોન ૪ ના સહાયક પોલીસ કમિશનર પન્ના મામિયાજી અને ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી શ્રી રાઠોડ




સર, ઉપરાંત આઈટીએમ વોકેશનલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ.અનિલ બિસેનજી, કચ્છ કેમિકલ ઈન્ડસ્ટ્રીના માલિક ડૉ.શિવલાલ ગોયલજી, બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવાકેન્દ્રના ઈન્ચાર્જ બી.કે.ડૉ.અરુણાબેન અને શાઈનિંગ સ્ટાર પર્ફોર્મિંગ આર્ટ્સ ગ્રુપના હિતેશભાઈ શાહ અને યોગેશભાઈ ભટ્ટ મુખ્યત્વે હાજર રહ્યા હતા. સૌ પ્રથમ સન્માનિત મહેમાનોનું તિલક અને ખેશ પહેરાવી અને સ્વાગત નૃત્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી.

શ્રેણીબદ્ધ સંબોધનોમાં, પોલીસ કમિશનર શ્રી કોમર સાહેબે સમાજને સંદેશ આપ્યો કે ડ્રગ્સ માત્ર વ્યક્તિના શારીરિક સ્વાસ્થ્યને જ નહીં પરંતુ તેના માનસિક અને સામાજિક સ્વાસ્થ્યને પણ બગાડે છે. આને રોકવા માટે, ગુજરાત પોલીસે છેલ્લા ૩ વર્ષ માં ૫,૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કર્યા છે. પરંતુ જ્યાં સુધી સમાજ અને આપણા યુવાનો પોતે ડ્રગ્સના વ્યસનથી મુક્ત થાય તે તે પ્રેરણા બ્રહ્માકુમારી પાસેથી સર્વ કોઈ લઈ શકે. અટલાદરા સેવાકેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી ડોક્ટર અરુણાબેને ઉપસ્થિત સર્વ મહેમાનોનું સન્માન કરી આભાર માનેલ.

### જામનગરના પીરોટન ટાપુને દબાણ મુક્ત કર્યા પછી વહીવટી તંત્ર દ્વારા ૨૬મી જાન્યુઆરીએ ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાશે

ગુજરાત રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જામનગર નજીકના બેડીના દરિયા વિસ્તારમાં આવેલા પિરોટન ટાપુ પર ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા, અને જામનગર જિલ્લાના એસ.પી.પ્રેમસુખ ડેલુના સીધા માર્ગદર્શન હેઠળ ભારે પોલીસ પહેરા હેઠળ ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરી લેવામાં આવી હતી. જ્યાં તમામ પ્રકારના ધાર્મિક દબાણો દૂર કરીને સમગ્ર ટાપુને ખુલ્લો કરી દેવામાં આવ્યો હતો.

ત્યારબાદ પીરોટન ટાપુ પર સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, આ ઉપરાંત આગામી તારીખ ૨૬ મી જાન્યુઆરીએ રાજ્ય સરકારની માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ વખત ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાવા જઈ રહ્યો છે.

જામનગરના શહેર વિભાગના ડીવાયએસપી જે.એન.ઝાલાની રાવબરી હેઠળ બેડી મરિન પોલીસ સ્ટેશનના સ્ટાફ, એસ.ઓ.જી શાખા તથા અન્ય પોલીસ વિભાગની ટીમ, સાથો સાથ જામનગર સ્થિત કાર્યરત વાલસુરા-નેવી, કોસ્ટકાર્ડ સહિતની સુરક્ષા એજન્સીઓના ૩૦ થી વધુ અધિકારીઓ અને જવાનોની ટીમ ૨૬મી જાન્યુઆરીએ પીરોટન ટાપુ પર પહોંચશે, અને ત્યાં ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાશે. જે અંગેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ભારતના દરિયા કાંઠા ઉપર આવેલા અલગ અલગ ટાપુઓ, કે જ્યાં સુરક્ષાની દ્રષ્ટિએ ભારતની તમામ સુરક્ષા એજન્સીઓ એલર્ટ છે, અને સુરક્ષાના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે, જેનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન હેઠળ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે.

## ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત ગીત સ્પર્ધા અને નૃત્ય સ્પર્ધા યોજાઈ

અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ થરાદ ખાતે આજ રોજ તારીખ ૨૪/૦૧/૨૦૨૫ ના રોજ સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત ગીત સ્પર્ધા અને નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆત મણવર પ્રવીણે પ્રાર્થનાથી કરી હતી. ગીત ગાયન સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સુંદર રીતે પોતાની રજૂઆત કરી હતી. જેમાં તૃતીય સ્થાને ચૌધરી નીતાબેન આર. અને રબારી ગમનભાઈ એન, દ્વિતીય સ્થાને રાઠોડ નીરૂબેન અને વણકર મમતાબેન તથા પ્રથા સ્થાન દરજી ધરતીબેન પ્રાપ્ત કર્યું હતું. સોલો નૃત્ય સ્પર્ધામાં તૃતીય સ્થાન ચૌધરી પ્રકાશબેન, દ્વિતીય સ્થાને ચૌધરી નીતાબેન અને પ્રથમ સ્થાન ઘાંચી નીલમબેને પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનું સૂત્ર સંચાલન પ્રીતિબેને કર્યું હતું. નિર્ણાયકની ભૂમિકા ડૉ. એ.બી. વાઘેલાએ નિભાવી હતી. આ કાર્યક્રમમાં



કૉલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્ટેજ વ્યવસ્થામાં એન.એસ.એસ.ના સંયમ સેવકો ઉપરાંત સેવક ભાઈઓમાં અલ્પેશભાઈ, અનિલભાઈ, દિલીપભાઈ, શૈલેશભાઈ, અણદાભાઈએ ઉત્તમ કામગીરી કરી હતી. સાજીંદાઓમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી જનકભાઈ અને મણવર પ્રવીણભાઈએ સુંદર સંગીત આપ્યું હતું. ફોટોગ્રાફી અને વિડીઓગ્રાફી મુકેશભાઈ કટારિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા ટેકનિકલ આસીસ્ટન્ટશ્રી કે.કે.કટારિયાએ સંભાળી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. નીલાબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ સપ્તાધારા કન્વીનર ડૉ. આર.કે. રોહિત અને ગીત સંગીત નૃત્ય ધારા સંયોજક ડૉ. એ.બી. વાઘેલાએ કર્યું હતું

## સમી મેમણ મદ્રસા ખાતે છ પરગણા મેમણ શિક્ષણ સમિતિ ની મીટીંગ યોજી

આજ રોજ સમી મેમણ મદ્રસા ખાતે છ પરગણા મેમણ શિક્ષણ સમિતિ ની મીટીંગ યોજી. સૌ પ્રથમ ફરહાન મુસ્તુફા ભાઈ મેમણ એ કરાયત પઢી.આ મીટીંગ ના પ્રમૂખ તારીખ શકૂર ભાઈ સાંચોર વાળા ની નિમણુંક કરવામાં આવી.સમાજ માં શિક્ષણ કેવી રીતે વધે તે માટે જાગૃત કરવા શિક્ષણ સમિતિ ના પ્રમૂખ અને કમિટી એ દરેક સભ્ય ના સૂચન લેવામાં આવ્યા. ખજાનચી તરીકે થરાદના .. મેમણ અલ્તાફ ભાઈ રસુલ ભાઇ..ની વરણી કરવામાં આવી.સૌ પ્રથમ વિધાર્થી ઓને સસ્તા દરે ચોપડા વિતરણ માટે નક્કી કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓને ધો.૧૦.૧૨.માં વધુ સારું પરિણામ લાવે તે માટે ઇનામો આપી પ્રોત્સાહિત કરવા માટે આયોજન કરવામાં આવ્યું. નીટ નીટક્રદ્ઘ . જી પી એસ માટે પણ યોગ્ય માર્ગદર્શન મલી રહે તે માટે તજજ્ઞ દ્વારા સેમિનાર યોજવામાં આવશે. દરેક ગામના શિક્ષણ સમિતિ બનાવી પ્રમૂખ. વા.પ્રમૂખ સેકેટરી ની શિક્ષણ સમિતિ. બનાવી જલ્દી થી નામ મોકલવા. આર્થિક રીતે તકલીફ વાળા વિદ્યાર્થી ઓને કેવી રીતે મદદ રૂપ થવું તેના માટે ખૂબ ફિકર લેવામાં આવી હતી. વધુ ને વધુ સરકારી લાભ મળે તે માટે જાગૃત કરવા. બીજી સંસ્થા ઓનો કેવી રીતે લાભ મળે તેની જાણકારી મેળવી યોગ્ય માર્ગદર્શન આપવા આવશે.

## મોટીબાંડીબાર તાલુકા પંચાયતના સભ્યને સરકારી નોકરી મળતા ૬.૩૭૮ જેટલાં મતદારો ને ફરી મતદાન કરવાનો અવસર પ્રાપ્ત થશે

ગોવિંદભાઈ પટેલ પાટનગર સંદેશ - લીમખેડા. દાહોદ લીમખેડા તાલુકાની મોટીબાંડીબાર તાલુકા પંચાયતના સભ્ય ને સરકારી નોકરી મળતા તાલુકા પંચાયત સભ્ય પદ તરીકે રાજીનામુ આપતાં ફરી પેટા ચૂંટણી યોજાશે જેમાં લૂખાવાડા અને મોટી બાંડીબાર એમ બંને ગામના લોકો ને ફરી મતદાન કરવાનો અવસર પ્રાપ્ત થશે પૂર્વ તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ પરથીભાઈ નિનામા ભાજપા પક્ષ તરફ થી ચૂંટણી લડી અને વિજય મેળવ્યો હતો પરંતુ એલ આઈ તરીકે પંચમહાલ માં નોકરી મળતા મોટીબાંડીબાર તાલુકા પંચાયત ખાલી પડતા ફરી ચૂંટણી યોજાશે જેમાં આશરે ૬૩૭૮ જેટલાં મતદારો ફરી મતદાન કરી ને ચૂંટણી પર્વ ઉજવશે. મોટીબાંડીબાર તેમજ લૂખાવાડા એમ બંને ગામ આ તાલુકા પંચાયત સીટ માં આવે છે પેલા પણ એસ ટી ઉમેદવાર હતા અને હાલ પણ એસ ટી (સામાન્ય ) ઉમેદવાર ચૂંટણી લડશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.